



**પ્રમુખ સ્વામીનો જન્મોત્સવ :** બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાના વડા પૂ. પ્રમુખ સ્વામી મહારાજના ૯૫મી જન્મજયંતિ ભારે ધામધૂમથી સારંગપુર ખાતે ઉજવાઈ હતી. બે લાખથી વધુ ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાપ્સના યુવાનોએ અનોખી પ્રસ્તુતિ કરી હતી. અક્ષર પુરુષોત્તમ સંસ્થાના અગ્રણી સંતોએ વક્તવ્ય આપ્યું હતું. દિવસ દરમિયાન દેશ બહારથી આવેલા ચાર હજારથી વધુ એન.આર.આઈ. ભક્તોએ પ્રમુખ સ્વામીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સારંગપુરની આસપાસ ભારે ટ્રાફીક અનુભવાતો હતો.

# તલોદમાં બીએસએનએલની ઘોર બેદરકારી ગ્રાહકોએ બીલ ભરવા છતાં ટેલીફોન ઈન્ટરનેટના જોડાણો બંધ

તલોદ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ નગર ખાતે બીએસએનએલના સેંકડો ગ્રાહકોની હાલત 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી થવા પામી છે. જે ગ્રાહકોએ સમય મર્યાદામાં જ ટેલિફોન બીલની રકમ તલોદ પોસ્ટ ઓફિસમાં ભરી દિધેલ છે. છતાં તેવા સંનિષ્ઠ ગ્રાહકોના ટેલિફોન અને ઈન્ટરનેટ જોડાણ કેટલાક સમયથી તંત્ર તરફથી બંધ કરી દઈને ભારે અન્યાય કરેલ છે. ગ્રાહકોએ પોસ્ટ ઓફિસમાં ભરેલી બીલની રકમ ટેલિફોન તંત્રની તિજોરીમાં કોઈક અગમ્ય કારણોસર જમા નહિ થઈ હોવાને કારણે આમ બન્યું હોવાનું જાણવા મળેલ છે.

તલોદ નગરના બીએસએનએલના લેન્ડલાઈન ધારકોને રિસીવર ઉઠાવતા જ 'બિલની રકમ નહિ ભરી હોવાને કારણે ટેલિફોન જોડાણ સ્થગિત કરી દીધું.' હોવા સંદર્ભની કેસેટ સાંભળવાની નાહકની નોબત આવી પડતાં ગ્રાહક વર્ગમાં ભારે આક્રોશની લાગણી ઉદ્‌ભવી છે. આવા અન્યાયનો ભોગ બનેલા ટેલિફોન જોડાણ ધારકો પૈકીના સંખ્યાબંધ ગ્રાહકોએ ઓક્ટોબર માસમાં બીલની રકમ ભરી હોવા છતાં, નવેમ્બર માસમાં બાકી કાઢવામાં આવી હતી. તે જ રીતે નવેમ્બર માસમાં બીલની રકમ ઓફિસમાં ભરી હોવા છતાં, ટેલિફોન તંત્રના તાજેતરમાં મળેલા બીલમાં બાકી કાઢવામાં આવેલ છે. અને આમ કરીને બીલની રકમ ભરપાઈ કરી ચૂકેલા ગ્રાહકોને પણ જાણે કે નિગમે 'દેવાળિયા'ની યાદીમાં ધકેલી દઈને તેમના ટેલિફોન બંધ કરી દઈને મનમાની કરીને તંત્રએ ગ્રાહકોને કરેલ અન્યાય થકી સહજભાવે ગ્રાહક વર્તુળમાં વ્યથાની લાગણી પેદા કરી છે.

કોઈક અગમ્ય કારણોસર આટલી મોટી ભુલ થઈ હોવા છતાં તેની જવાબદારી સ્વીકારવા ટેલિફોન ખાતુ કે પોસ્ટવાળુ જાણે કે તૈયાર જ ન હોય તેવી વરવી વાસ્તવિકતા પેદા થઈ છે. આ અંગે તલોદ ખાતેની ટેલિફોન એક્ષચેન્જની કચેરીમાંથી જાણવા મળેલ છે કે પોસ્ટ ઓફિસમાં ગ્રાહકોએ ભરેલા બીલના નાણાંની રકમ કોઈપણ કારણોસર બીએસએનએલના ખાતામાં જમા થઈ જ નથી. પરિણામે, બાકી પડતી રકમને લક્ષ્યમાં રાખી ઉપલા લેવલથી ગ્રાહકોના ફોન અને નેટના જોડાણ બંધ કરી દેવામાં આવ્યા છે.

બીજી તરફ, સ્થાનિક પોસ્ટખાતુ પોતાની આ કથિત ભૂલ સ્વીકારવા તૈયાર જ નથી. પોસ્ટ કચેરીમાં આ અંગે પૂછતાછ કરતા તેઓએ પોતાની કાર્યપદ્ધતિ રેગ્યુલર હોવાનો પોકળ દાવો કરીને તેઓ દરરોજનું નિયમીતરીતે જે તે દિવસે ગ્રાહકે ભરેલા નાણાનું લીસ્ટ ટેલિ. નિગમને પહોંચાડતા હોવાનું જણાવીને કહ્યું હતું કે, ક્યાંક કોમ્પ્યુટરની ખામી થકી આમ બન્યુ હોવાનું લાગે છે. પોસ્ટ કચેરીનું મકાન તલોદમાં અન્યત્ર સ્થળાંતર કર્યુ ત્યારે તે સમયે કોઈક રહી ગયેલી 'ચૂક'ને કારણે ઉક્ત અગમ્ય નોબત આવી હોવાનું મનાઈ રહ્યું છે.

જે હોય તે... હાલ તો નિષ્ઠાવાન ટેલિફોન ધારકો જે તે તંત્રની ભૂલનો ભોગ બનીને પોસ્ટની તથા બીએસએનએલની કચેરીએ ધક્કે ચડવા મજબૂર બન્યા છે. જેઓની હાલત કફોડી બની છે અને વ્યવહાર સદંતર ખોરવાઈ ગયા છે.

## પૂ. પ્રમુખસ્વામી મહારાજના જન્મદિવસે મુખ્યમંત્રીની મંગલકામનાઓ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાન બી. એ. પી.એસ.ના વડા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મદિને આજે તેમના સુસ્વાસ્થ્ય-દિર્ઘાયુની મંગલકામનાઓ સાથે પ્રભુ પ્રાર્થના કરી છે.

## સિદ્ધેશ્વર મહાદેવ તેજાનંદધામનો પ્રથમ પાટોત્સવ યોજાશે

સિદ્ધેશ્વર મહાદેવ તેજાનંદધામ (આરસોડીયા, કલોલ)નો પ્રથમ પાટોત્સવ તા. ૨૫મી ડિસેમ્બરના રોજ યોજાશે. સવારે નવ વાગ્યે ધ્વજારોહણ, ગુરુદેવની પાકુકા પૂજન, સવારે સાડા નવ વાગે, મહાયજ્ઞ તેમજ ૧૨૫ બટુકોને યજ્ઞોપવિત આપવામાં આવશે. મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સતત પડી રહેલી તીવ્ર ઠંડી રવિ પાક માટે ફાયદારૂપ

મોડાસા, તા. ૧૯

સમગ્ર ગુજરાત રાજ્ય અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રવિ સીઝનની શરૂઆત મોડી થતા બન્ને જિલ્લામાં ઘઉં અને બટાકાનું વાવેતર કરનાર ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા પરંતુ ઉત્તરભારતમાં છેલ્લા સપ્તાહથી હિમવર્ષા થવાના પગલે બન્ને જિલ્લાના વાતાવરણમાં સતત તીવ્ર ઠંડી ચાલુ રહેતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. અઠવાડિયાથી પડી રહેલી તીવ્ર ઠંડી રવિસિઝન માટે આશીર્વાદરૂપ બની રહેશે તેમ પણ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા નિષ્ણાંતો માની રહ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આ વખતે ચોમાસાની વિદાય થઈ ગયા બાદ પણ રવિપાકને અનુરૂપ ઠંડીની શરૂઆત ન થતા રવિ પાકની વાવણીમાં વિલંબ થયો હતો. ત્યાર બાદ ઉત્તરભારતમાં પડેલા હિમવર્ષાના પગલે ખેડૂતોમાં આ વખતે પણ ઠંડી વધુ પડવાના સંકેતો મળતા અને છેલ્લા સપ્તાહથી



સતત ઠંડીનું પ્રમાણમાં તીવ્ર વધારો થતા ઘઉ અને બટાકાના ઉત્પાદનમાં વધારો થશે. રવિ સિઝનની ખેતીમાં ઠંડીની રાહ જોતા ભૂમિપુત્રો પણ ઠંડી પડવાના સંકેતો મળી જતા ઘઉં અને બટાટાના વાવેતરનું મૂડ બનાવી લીધુ હતુ. અરવલ્લી જિલ્લાના મેઢાસણ પંથક તેમજ અન્ય વિસ્તારોના ભૂમિપુત્રોએ બટાકાનું વાવેતર ઘઉના પ્રમાણમાં વધુ કર્યું છે. જિલ્લામાં ઘઉ તેમજ બટાકા સહિત અન્ય રવિપાક જેવા કે મકાઈ, ચણા, વરિયાળી, જુવાર સહિત રાઈનું વાવેતર જિલ્લાના ભૂમિપુત્રોએ મોટા પ્રમાણમાં કર્યું છે.

અરવલ્લી જિલ્લામાં બટાકાનું વાવેતર ૧૫,૫૮૦ હેક્ટરમાં કરનાર ભૂમિપુત્રોએ રવિ સિઝનની શરૂઆતમાં ઠંડીએ જોર ન પકડતા બટાકાનું વાવેતર નિષ્ફળ જવાની સાથે બટાકામાં સફેદ રોગ દેખાતા મોંઘીદાટ દવાઓ અને રાસાયણિક ખાતરો દ્વારા બટાકાના પાકને બચાવવા માટે મથામણ કરી રહ્યા હતા ત્યારે છેલ્લા સપ્તાહ દરમ્યાન વાતાવરણમાં ભારે ઠંડીનું મોજુ ફરી વળતા બટાકાનું વાવેતર બચી જવાની સાથે ઉત્પાદનમાં વિપુલ પ્રમાણમાં વધારો થવાની સંભાવનાથી જિલ્લાના બટાકાનું વાવેતર કરનાર ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો.




## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નેશનલ હેરાલ્ડ કેસ મુદ્દે ધરણા કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના વડુમતક મોડાસા શહેરના ચાર રસ્તા નજીક નગરપાલિકા ટાઉનહોલ આગળ અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દિલ્હીની એક કોર્ટે હાજર રહેવાનું ફરમાન કરતા આ અંગે ધરણા કાર્યક્રમ યોજાયો હતો અને અવરલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નેશનલ હેરાલ્ડ કેસ રાજકીય અદાવતમાં કિન્નાખોરી રાખી કરવામાં આવ્યો હોવાનો અને કોર્ય કાર્યવાહી કરાતી હોવાના મુદ્દે વિરોધ દર્શાવવા ધરણા કાર્યક્રમ યોજાયો હતો અને સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના સમર્થનમાં બારે સૂત્રોચ્ચાર કર્યા હતા. આ ધરણા કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, ગુજરાત કોંગ્રેસ પક્ષના પ્રદેશમંત્રી વનરાજસિંહ રાઠોડ, અરુણભાી પટેલ, અરવલ્લી જિલ્લા અનુ. જાતિ પ્રમુખ નિકુંજ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય રાજુભાઈ પારધી, રેવાભાઈ ભાંભી, મોડાસા તાલુકા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ તેમજ અમિત મકવાણા, રાહુલ પટેલ, ભાવિક જોષી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સામાજિક સુરક્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તૃત કરવાની જાહેરાત કરી હતી. શ્રમ પ્રધાન બંદારુ દત્તાત્રેયના નેતૃત્વમાં ઈએસઆઈસી બોર્ડની બેઠકમાં તમામ ૨૭૧ જિલ્લામાં સર્વેની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

## આખરે જામીન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના નેતાઓને એસોસિએટ્સ જનરલ લિમિટેડને મેળવી લેવામાં છેતરપિંડી અને ઠગાઈ સાથે સંબંધિત ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીની અરજી ઉપર સમન્સ જારી કરવામાં આવ્યા હતા. આજે ભારે તર્કવિતર્કોના દોર વચ્ચે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ૫૦-૫૦ હજાર રૂપિયાના અંગત નાણા ઉપર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને જામીન આપવામાં આવ્યા હતા.

## ઉપયોગ વધારે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સમયે તેમની સાથે ગૃહ મંત્રી રાજનાથ સિંહ તેમજ રાજયકક્ષાના ગૃહમંત્રીઓ કિરણ રીજીજુ તેમજ હરિભાઈ ચૌધરીએ પણ કચ્છના રણમાં લટાર મારી હતી. પ્રારંભીક દિવસે પ્રથમ સેશનમાં દેશભરમાં આવેલા ડીજીપી અને એડેશનલ ડીજીપીની સંખ્યા ૪૦૦ જેટલી હતી.

## ધાડ પડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દુકાન જે બંધ હતી તેને બતાવી થોડી રાહ જોવી પડશે તેવું કહ્યું હતું. આ દરમ્યાન યુવાનના મોબાઈલ પર તેના પિતાનો ફોન આવ્યો હતો. જેમણે યુવાનની માતા બિમાર થઈ ગઈ હોવાથી તેને હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હોવાની માહિતી આપી હતી. આ સાથે તેમણે પુત્રને કેટલીક દવાઓની ખરીદી કરવા જણાવતા આ યુવાને પોતાની પાસે પૈસા ના હોવાનું જણાવ્યું હતું. પિતા-પુત્રની વાત સાંભળી રહેલા સિદિકભાઈએ માનવતાના ધોરણે આ યુવાને મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. સિદિકભાઈએ તેને માતાની દવા લાવવા માટે રૂ. ૭૦૦ આપ્યા અને કહ્યું કે અત્યારે દવા લઈ લે, આપણે પરત જવાનુ જ છે તે વખતે મને રીક્ષા ભાડા સાથે આ પૈસા પરત કરી દેજે. આ વાત સાંભળી પેલા યુવાને ગદ્‌ગદ્‌ થઈ સિદિકભાઈનો આભાર માન્યો હતો અને ઘરે પરત ફરતા જ પૈસા પરત કરી દેવાનો ભરોસો આપ્યો હતો. થોડીક વાર પેલી દુકાન ખુલવાની રાહ જોવાનો ડોળ કરતા બેસી રહેલા યુવાને સિદિકભાઈને દસ રૂપિયા આપી કહ્યું કે "ચાચા પાણીના પાઉચ લઈ આવો આપણે બંને પીશુ" આથી સિદિકભાઈ સામે દેખાતી ચાની લારીએ પાણીના પાઉચ લેવા ગયા હતા. પાઉચ લઈને પરત ફરતા જોયું તો પેલો યુવાન રીક્ષામાં નહોતો અને વધુ તપાસ કરી તો આસપાસમાં પણ ક્યાંય મળ્યો નહી. આથી, સિદિકભાઈને સમજાઈ ગયું કે મા બિમાર હોવાના ખોટા ફોનના ઓથા હેઠળ એ યુવાને પોતાને ધુતી લીધો છે. સિદિકભાઈ પાસે એ યુવાનનો મોબાઈલ નંબર પણ હતો જે તે ડાયલ કરી જોયો પણ તે સતત સ્વીચ ઓફ આવતો હતો. આમ એક વૃદ્ધ શ્રમજીવી રીક્ષાવાળાને યુવાન મુર્ખ બનાવી તેમના રૂપિયા ૭૦૦ સાથે રીક્ષાભાડીની રકમ ઠગી ગયો હતો. આ સમયે ત્યાં ઉપસ્થિત નગરજનોએ યુવાનને શોધવા મદદ કરી હતી. પરંતુ તે ના મળતા તમામે યુવાન પર ખૂબ ફિટકાર વરસાવ્યો હતો.

# મોડાસાની સરસ્વતિ બાલ મંદિર શાળામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી અને સરસ્વતિ બાલમંદિર મંડળ



સંચાલિત શ્રી વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો હતો. મેડીકલ ઓફિસર ડૉ. આદીલ અને ૬ સ્ટાફ નર્સદ્વારા શાળાના ૪૦૧ બાળકોની આરોગ્ય ચકાસણી હાથ ધરી હતી. જેમાં એક બાળકને હૃદયરોગ, બે બાળકો ત્રાંસી આંખવાળા અને એક હેન્ડીકેપ બાળક મળી આવ્યું હતું. જેમાં હૃદયરોગના બાળકને વધુ સારવાર અર્થે નિઃશુલ્ક અમદાવાદ સિવિલમાં સારવાર આપવાની સાથે ત્રાંસી આંખવાળા બાળકોને આંખના નિષ્ણાતની સલાહ મુજબ સારવાર આપવામાં આવશે. શાળામાં અભ્યાસ કરતા હેન્ડીકેપ બાળકને સર્ટીફીકેટ આપી સરકારી સહાયના તમામ લાભો મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સરસ્વતિ બાલમંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષીએ રાજ્ય સરકારના આ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમની સરાહના કરી બાળકોની અંદર રહેલી અજ્ઞાત બિમારીઓની જાણકારી સાથે સાથે મફત સારવાર ઉપલબ્ધ કરાવતા જરૂરીયાતમંદ અને ગરીબ સમાજના લોકો માટે આર્થિક બોજ સહન કર્યા વગર તેમનું બાળક તંદુરસ્ત અને નિરોગી બની શકે છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગરના સે. ૩-બીના પ્લોટ નં. ૪૧૨/૨ ખાતે રહેતા મોતીભાઈ બચ્ચારામ પંજવાણીનું તા. ૧૭મી ડિસેમ્બરે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થના પત્નિ ભારતીબેન મોતીભાઈ પંજવાણીનું પણ તા. ૧૮ ડિસેમ્બરના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે. બંને સદ્‌ગતનું બેસણું તા. ૨૦ ડિસેમ્બર રવિવારે સાંજે ૫ કલાકે પ્લોટ નં. ૪૧૨/૨, સેક્ટર-૩-બી ખાતે રાખવામાં આવ્યું છે.

## ટાવર કોલોની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાથમિક તબક્કે સે-૨૯ અને સે-૩૦માં આવાસો બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.પરંતુ છેવાડાના સેકટરમાં આવાસો બાંધવાનો મુદ્દો ઉપસ્થિત થતા આ મામલે માર્ગમકાન મંત્રી કક્ષાએ ટાવર કોલોની બાંધવાના સ્થળ મામલે પુનઃ વિચારણા હાથ ધરવામાં આવી હતી. વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સાઈટની મુલાકાત લેવામાં આવી હતી. આખરે સે-૨૯ અને સે-૭ માં ટાવર કોલોનીના વિવિધ બ્લોક બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૭માં સી કેટેગરીના ૧૦ બ્લોક બનશે જયારે સે-૨૯માં બી કેટેગરીના ૧૫ બ્લોક બનાવાશે. આ ૨૫ બ્લોકમાં કુલ ૮૦૦ મકાનો બાંધવામાં આવશે. જયારે સરકારી કોલોનીને અત્યાધુનિક સુવિધાથી સજ્જ કરાશે.ટાવર કોલોનીને કોર્પોરેટ લુક આપવામાં આવશે. આવાસોમાં પાયાની સવલતો ઉપરાંત પાર્કીંગ તેમજ ગાર્ડનની પણ વ્યવસ્થા કરવામાં આવશે. શહેરમાં સરકારી આવાસોના નવા મકાનોની કોલોની આગામી દોઢ વર્ષમાં તૈયાર કરી દેવામાં આવશે.

## મોરપીંછના રંગ (૪ પાનાનું ચાલુ...)

કારણ 'પત્નીની હાજરી' છે...એ ..જે હોય તે... પણ આ બન્ને ઐતિહાસિક મહામાનવો મને ખુબ ગમે છે. એકે પત્નીની સાથે રહીને અને બીજાએ પત્નીથી વિખૂટા રહીને પોતપોતાના ક્ષેત્રોમાં વૈશ્વિક ખ્યાતિ હાંસલ કરી છે. હું આ બન્નેનો ચાહક છું પણ હવે હું અવઢવમાં છું કે મારે પણ વૈશ્વિક સિદ્ધિ મેળવવી છે. તો પત્ની સાથે રહેવું કે દૂર એકલા રહેવું? સોક્રેટિસ તો કેવી રીતે મને માર્ગદર્શન આપી શકે? પણ હે મોદીસાહેબ...મારે શું કરવું? મને માર્ગદર્શન આપશો?

- 9426060601.india@gmail.com

## ઈયળો જોવા મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાસ કરીને માણસા તાલુકાના અમુક ગામો જેવા કે, કુવાદરા, રંગપુર, લાકરોડા, અનોડીયા, મહુડી વગેરે ગામોમાં થયેલ વાવેતર થયેલ વિસ્તારમાં ખાસ કરીને દિવેલા પાકમાં દિવેલાની ગાંઠાની ઈયળ જેને સ્થાનિક ખેડૂતો સોમટા કહે છે. ઉપરાંત યુસિયા જિવાત (મોલો, મશી)નો ઉપદ્રવ વધુ પ્રમાણમાં જોવા મળેલ છે. ઉપરાંત સામાન્ય જિલ્લામાં શાકભાજી પાકોમાં લીલી ઈયળનો ઉપદ્રવ હોવાની જાણકારી મળેલ છે.

આ પાકોમાં જોવા પડતા રોગો જીવાતના ઉપદ્રવ સામે અસરકારક નિયંત્રણરૂપી પગલા લેવા હેતુ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા ખેડૂતોને નીચે જણાવેલ ભલામણ કરવામાં આવે છે.

દિવેલા - દિવેલાની ગાંઠાની ઈયળ - પ્રોફીનોફોસ ૫૦ ટકા ઈ.સી. ૧૦ મી.લી. અથવા ક્લોરોપાયરીફોસ ૨૦ ટકા ઈ.સી. ૨૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી દ્રાવણનો છંટકાવ કરવો.

સુચિયા જિવાત (મોલો,મશી) - શોષપ્રકારની દવા જેવી કે ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૫ મી.લી. ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો અથવા મિથાઈલ પેરેથિયોન ૨ ટકા ૨૫ કિલો/હેક્ટર છંટકાવ કરવો. શાકભાજી - લીલી ઈયળ - બીટી પાવડર ૭૫૦ ગ્રામ/હેક્ટર અથવા એનપીવી ૨૫૦ એલઈ અથવા ક્વીનાલફોસ ૨૦ મી.લી. દવાને ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

## ઘેરૂ બનતું રહસ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતા નિર્દેશો મુજબ પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી પર જ હાલ આગ્રહ રાખવામાં આવ્યો છે અને સમિતિઓની રચના વખતે પુનઃ મન જાણવાનો પ્રયાસ થશે. જોકે જિલ્લામાં જ્ઞાતિ સમીકરણોને ધ્યાને રાખી નવા નેતાઓની પસસંદગી થશે તેમજ તાલુકાઓનું સંતુલન જળવાઈ રહે તેને અગ્રતા આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગર કલોલ અને મણસાના સભ્યોમાં ખેંચતાણ જોવા મળતી હતી. આજની આ સમગ્ર કાર્યવાહી બંધ બારણે કરવામાં આવી હતી.

## લડત જારી રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફગાવી દીધી હતી જેમાં નિચલી અદાલત દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને ૫૦-૫૦ હજાર રૂપિયાના પર્સનલ બોંડ ઉપર જામીન મળી ગયા બાદ રાહુલે કહ્યું હતું કે, ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીની સાથે તે વખતે મનમોહનસિંહ પણ રહ્યા હતા. રાહુલે ઉમેર્યુ હતું કે, તેઓ હંમેશા દેશના લોકો માટે કામ કરતા રહેશે.


**ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,**

કૃષિ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર.

**ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીની ભાવ કરાર બાબત**

ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીની નાણાં શાખામાં રોકડા ભર્યેથી તા. ૧૧/૧/૨૦૧૬ સમય ૧૧.૦૦થી ૧૮.૦૦ કલાક દરમિયાન સુધી કોરા ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫/૧/૨૦૧૬ સાંજે ૧૮.૦૦ કલાક સુધી રજીસ્ટર એ.ડી.થી મળેલ ભાવપત્રક જ સ્વીકારવામાં આવશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર **'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલની કામગીરીના ભાવ કરાર માટેનું ટેન્ડર'** એમ અવશ્ય લખવાનું રહેશે.

સહી/-
ખેતી નિયામક, ગુ.રા., ગાંધીનગર

માહિતી/૨૦૯૧/૨૦૧૫-૧૬



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

જલસેવા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેન્ડર નોટીસ નં. : ૧/૨૦૧૫

સિસ્ટમ મેનેજરશ્રી (કોમ્પ્યુટર સેલ), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૨૩૨૧૮) દ્વારા બોર્ડની ગાંધીનગર સ્થિત કચેરીઓ પર ઈન્સ્ટોલ કરવામાં આવેલ તમામ પ્રકારના **લેસર પ્રિન્ટરની ટોનર કાર્ટ્રીઝ રીફીલ કરવા માટે વાર્ષિક ભાવકરાર** કરવા આવા કામનો બહોળો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામગીરીની વાર્ષિક અંદાજિત કિંમત રૂ. ૫૦,૦૦૦/- (જે સંતોષકારક કામગીરી જણાયે વાર્ષિક ધોરણે કુલ વધુ ત્રણ વર્ષ માટે લંબાવવા પાત્ર છે.) થાય છે. કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ ૧/૧/૨૦૧૬ છે જ્યારે ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૧૧/૧/૨૦૧૬ રાખવામાં આવેલ છે. કોરા ટેન્ડર ફોર્મ મેળવવા માટેની ફી રૂ. ૬૦૦/- તથા ભરેલ ટેન્ડર સાથે જમા કરાવવાની ઈ.એમ.ડી.ની રકમ રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) છે. ટેન્ડર મેળવવાની જરૂરી લાયકાત તથા આ અંગેની વિગતો બોર્ડની વેબસાઈટ www.gwssb.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

**માહિતી/૨૦૮૬/૨૦૧૫-૧૬**